# મુદ્દા નં.૧૫

**-: માહિતી મેળવવા માટે નાગરિકોને ઉપલભ્ય સવલતોની વિગતો :-**

૧૭.૧ લોકોને માહિતી મળે તે માટે આ કચેરી ધ્વારા અપનાવાયેલ સાધનો, પધ્ધતિઓ તથા સવલતોની વિગતો નીચે મુજબ છે.

૧) કચેરી ગ્રંથાલય :- કલેકટર કચેરી, છોટાઉદેપુર (રેકર્ડ શાખા).

૨) નાટક અને શો : - --

૩) વર્તમાન પત્ર :-
ફરિયાદ નિવારણ કાર્યક્રમ અંગે વર્તમાન પત્રોમાં જાહેર ખબર આપી લોકોને જે અરજદારોને તેમની અરજીઓ અંગે સંબંધિત ખાતા તરફથી પ્રત્યુતર મળેલ ના હોય તેવા કિસ્સામાં અરજીઓ મોકલી આપવા જણાવવામાં આવે છે. આવી અરજીઓની સુનાવણી માટે અરજી મોકલી આપના નાગરિક અરજી મોકલ્યા બાદ કલેકટર કચેરી ખાતેફરિયાદ નિવારણ કાર્યક્રમમાં હાજર રહી પોતાનો જવાબ મેળવી શકે છે.

૪) પ્રદર્શનો : - ---

૫) નોટીસ બોર્ડ :-
કલેકટર કચેરીમાં નોટીસ બોર્ડ રાખવામાં આવેલ છે. આ નોટીસ બોર્ડ ઉપર લોકોને ઉપયોગી થાય તેવી જાહેર ખબરો પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૬) કચેરીમાં રેકર્ડનું નિરીક્ષણ :-
કલેકટર કચેરીની રેકર્ડ શાખામાં ડીપોઝીટ થયેલ રેકર્ડ તથા ચાલુ રેકર્ડના નિરીક્ષણ માટે જનસંપર્ક અધિકારીને નિયુકત કરવામાં આવેલ છે. અને સરકારશ્રી તરફથી નિયત થયેલ ઈન્સ્પેકશન ફી ભરીને રેકર્ડનું નિરીક્ષણ કરી શકાય છે.

૭) દસ્તાવેજીની નકલો મેળવવાની પધ્ધતિ :-
માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળના ગુજરાત માહિતી નિયમો-૨૦૦૫ ની જોગવાઈઓ મુજબ નિયત ફોર્મમાં અરજી કરીને નકકી કરેલ ફી વસુલ લઈને નકલ આપવાની સવલત ઉપલબ્ધ કરેલ છે.

૮) ઉપલબ્ધ મુદ્રિત નિયમસંગ્રહ. : -
કાયદા/નિયમસંગ્રહો સરકારી પ્રકાશન અને મુદ્રણાલય તેમજ માન્ય ખાનગી પ્રકાશકો, વિતરકો ધ્વારા વેચાણથી ઉપલબ્ધ છે.

૯) જાહેર તંત્રની વેબસાઈટ. :- www.chhotaudepur.gujarat.gov.in

૧૦) જાહેર ખબરના અન્ય સાધનો :-
વર્તમાનપત્રો ઉપરાંત ઈલેકટ્રોનીક મીડીયા રેડિટો, દુરદર્શન, કેબલ ટી.વી., લોકલ ન્યુઝ ચેનલના માધ્યમથી લોકોને ઉપયોગી માહિતી તથા જાહેરખબરો વિના મુલ્યે પ્રસારીત કરવા વ્યવસ્થા છે.